અપીલ અરજી નં.૨૨૮ તા.૨૨–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૯–૧૦ની અરજીથી અમો ધ્વારા એક કામદારના બાકી પગાર બાબતે ગુમાસ્તા ઈન્સ્પેકટરને અરજી આપવા આવે અને તે અરજી સ્વીકારવાની ગુમાસ્તા અધિકારી દિનેશભાઈ ધ્વારા અરજી લેવાની સ્પષ્ટ ના પાડેલ ત્યારબાદ અમો ઉપર ડીસ્પેચમાં આપવા ગયેલ ત્યાં પણ અરજી લેવાનો ઈન્કાર કરેલ જે અધિકારી કયા કાયદાના આધારે અમારી અરજી અસ્વીકાર કરી તેની અને મજકુર કર્મચારીના વિરુધ્ધના પગલાની માહિતી સંપુર્ણ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૮/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૯–૧૦ની અરજીથી અમો ધ્વારા એક કામદારના બાકી પગાર બાબતે ગુમાસ્તા ઈન્સ્પેકટરને અરજી આપવા આવે અને તે અરજી સ્વીકારવાની ગુમાસ્તા અધિકારી દિનેશભાઈ ધ્વારા અરજી લેવાની સ્પષ્ટ ના પાડેલ ત્યારબાદ અમો ઉપર ડીસ્પેચમાં આપવા ગયેલ ત્યાં પણ અરજી લેવાનો ઈન્કાર કરેલ જે અધિકારી કયા કાયદાના આધારે આમારી અરજી અસ્વીકાર કરી તેની અને મજકુર કર્મચારીના વિરુધ્ધના પગલાની માહિતી સંપુર્ણ માહિતી આપવા બાબતે સંપુર્ણ માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/ આરટીઆઈ/ ૭૯૧ તા.૧૫–૧૦–૧૦થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૨ તા.૨૯–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જણાવેલ બાબત હેઠળની અરજીની નકલ રજુ કરેલ નથી જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૮૯૩ તા.૪–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૯૧ તા.૧૫–૧૦–૧૦ ના પત્રની નકલ તથા સ્વીકાર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, મજકુર કર્મચારીએ આપેલ ચેતવણી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૨૯–૯–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૭૯૧ તા.૧૫–૧૦–૧૦ થી આપવામાં આવેલ. "આરટીઆઈ હેઠળ માંગવામાં આવેલી માહિતી અન્વયે અરજીમાં જણાવેલ માહિતી બાબતે સા.વે.(અઠવા) ઝોનમાં ગુમાસ્તાધારા નિરીક્ષકને ભવિષ્યમાં આવી ગંભીર ભુલ ન કરે જે બાબતે અઠવાઝોન કચેરીએથી ચેતવણી આપવામાં આવેલ છે." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે આરટીઆઈ નં.૭૯૧ તા.૧૫–૧૦–૧૦ થી મળેલી માહિતીની નારાજ થઈ તા.૨૨–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં કોઈ ઠોસ પગલા ભરી માહિતી આપી નથી અને અધિકારીએ ભુલ કરી છે તેને છાવરવાનો પ્રયાસ કરેલ છે અને ન સ્વીકારવાનું કારણ જણાવેલ નથી. ભુલ કરનારે ભુલ કબુલ કરેલ નથી ભુલ કરનાર અને પોતાની ફરજ નહીં બજાવનાર ગુમાસ્તા અધિકારી તેમજ ડીસ્પેચ અધિકારી સમક્ષ શિક્ષાત્મક પગલા લઈ કાર્યવાહી કરી સંપૂર્ણ માહિતી આપવી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે અપીલ અરજીમાં જણાવેલ અરજી બાબતની વિગત રજૂ કરેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદાર તેમની અરજીમાં એક કામદારના બાકી પગાર બાબતે ગુમાસ્તાધારા નિરીક્ષકને સંબોધી લખેલ જે અરજી ગુમાસ્તા નિરીક્ષક તેમજ ઝોનના ઈન્વર્ડ કલાર્ક શ્રીમતિ પુષ્પાબેન પટેલ ધ્વારા અરજી ન સ્વીકારતા આરટીઆઈ હેઠળ અરજી કરેલ છે. જે અંગે બંને કર્મચારીઓના લેખિત ખુલાસા મંગાવતા ગુમાસ્તા નિરીક્ષકે જણાવ્યું છે કે વ્યવસાયવેરાની કલેકશનની છેલ્લી તારીખ હોવાથી કામગીરીના ભારણને કારણે અરજી તા.૧–૧૦–૧૦ પછી સ્વીકારવા જણાવેલ. વધુમાં ગુમાસ્તા નિરીક્ષક જણાવે છે કે તેમને અગાઉ તત્કાલીન કાર્યપાલકશ્રીને રજૂઆત કરેલ અને તે મુજબ ગુમાસ્તા વિભાગની અરજી ઝોનમાં ઈન્વર્ડ પર ન સ્વીકારવા અને ફકત ગુમાસ્તા વિભાગમાંજ અરજી સ્વીકારવાની વ્યવસ્થા કરેલ છે. આમ અરજદારને અરજી ન સ્વીકારવાનું કારણ જણાવવામાં આવેલ છે. ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતાં ગુમાસ્તા નિરીક્ષક ધ્વારા અરજી જે તે તારીખે ન સ્વીકારવા બદલ લેખિત ચેતવણી આપી ભવિષ્યમાં આવી ભુલ ન કરવા જણાવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે માહિતી આપવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની મુળ અરજીથી અપીલ તબકકે કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,